# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 01-02-2025 Day : Saturday Morning : 6.50 to 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## કેન્દ્રીય નાણામંત્રી આજે અંદાજપત્ર રજૂ કરશે

કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સિતારમણ આજે સવારે અગિયાર વાગે લોકસભામાં નાણાકીય વર્ષ 2025-26નું અંદાજપત્ર રજૂ કરશે.

દરમિયાન સુશ્રી સિતારમણે ગઈકાલે સંસદના બંને ગૃહોમાં આર્થિક સર્વેક્ષણ રજૂ કર્યું હતું, જે મુજબ નાણાકીય વર્ષ 2025માં ભારતના વાસ્તવિક કુલ ઘરેલુ ઉત્પાદન -GDPમાં 6.4

ટકાના દરે વૃદ્ધિ થવાનું અનુમાન છે અને નાણાકીય વર્ષ 2026માં આ વૃદ્ધિ 6.3થી 6.8 ટકા વચ્ચે રહેવાની શક્યતા છે. આર્થિક સર્વેક્ષણમાં ભાર મૂકવામાં આવ્યો છે કે ઘરેલુ અર્થવ્યવસ્થાનો પાયો મજબૂત થયો છે. જેમાં સંતુલિત રાજકોષીય એકત્રીકરણ અને સ્થિર ખાનગી વપરાશનો સમાવેશ થાય છે.

સર્વેમાં જણાવાયું છે શાકભાજીના ભાવમાં મોસમી ઘટાડો અને ખરીફ પાકના આગમન સાથે નાણાકીય વર્ષ 2025ના ચોથા ક્વાર્ટરમાં ખાદ્ય ફુગાવો ઓછો થવાની સંભાવના છે. રોજગાર અંગે જણાવાયું છે કે 15 વર્ષ અને તેથી વધુ ઉંમરની વ્યક્તિઓ માટે બેરોજગારી દર વર્ષ 2017-18માં 6 ટકાથી ઘટીને 2023-24માં 3.2 ટકા થયો છે.

-----------------------------------------------------------------------------------------

## અંદાજપત્ર સત્રનો ગઈકાલે રાષ્ટ્રપતિના અભિભાષણ સાથે પ્રારંભ

સંસદના અંદાજપત્ર સંત્રનો ગઈકાલે સવારે અગિયાર વાગે રાષ્ટ્રપતિના અભિભાષણ સાથે આરંભ થયો હતો. રાષ્ટ્રપતિએ સંસદ ભવનમાં લોકસભા અને રાજ્યસભાની સંયુક્ત બેઠકને સંબોધિત કરી.

દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનું સંસદના બંને ગૃહોને સંબોધન વિકસિત ભારતના નિર્માણ તરફના ભારતના પ્રયાસોને પ્રતિબિંબિત કરે છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે રાષ્ટ્રપતિ મુર્મુએ સર્વાંગી અને ભવિષ્યના વિકાસના મહત્વ પર ભાર મૂક્યો, તમામ ક્ષેત્રોમાં કરાયેલી પહેલ પર પ્રકાશ પાડ્યો.

---------------------------------------------------------------------------------

## રાજયના મુખ્ય સચિવ - પદભાર

રાજ્યના મુખ્ય સચિવ તરીકે નિયુક્ત થયેલા વરિષ્ઠ સનદી અધિકારી પંકજ જોષીએ ગઈકાલે ગાંધીનગર ખાતે પદભાર સંભાળ્યો હતો. રાજ્યના મુખ્ય સચિવ રાજકુમાર વય નિવૃત્ત થતાં પંકજ જોષીએ ચાર્જ સંભાળ્યો હતો.

શ્રી જોષીએ ગાંધીનગરમાં પત્રકારોને જણાવ્યું કે, ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસ, એફડીઆઇ રોકાણ સહિત અનેક ઔદ્યોગિક ક્ષેત્રે ગુજરાત અગ્રેસર રહ્યું છે. છેલ્લા અઢી દાયકામાં ગુજરાતનો નોંધપાત્ર વિકાસ થયો છે અને આવનારા સમયમાં પણ ગુજરાતનો વિકાસ વધુ ઝડપથી થાય તે અમારી પ્રથમ પ્રાથમિકતા રહેશે.

મૂળ ઉત્તરપ્રદેશના વતની શ્રી જોષી વર્ષ ૧૯૮૯માં ગુજરાત કેડરમાં ભારતીય સનદી અધિકારી તરીકે જોડાયા હતા. તેમણે મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ તરીકે અને હવે ગુજરાતના મુખ્ય સચિવ તરીકે જવાબદારી સંભાળી છે.

---------------------------------------------------------------------------------

## રાષ્ટ્રપતિના અભિભાષણમાં કચ્છનો ઉલ્લેખ

**સંસદના બજેટસત્રના આરંભે બંને ગૃહને સંબોધન કરતા રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુએ શહેરીકરણને ગતિ આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા કરાયેલા વિવિધ પ્રયાસોને બિરદાવતાં કચ્છનો ઉલ્લેખ કર્યો હતો. કેન્દ્ર સરકાર દ્વારા શહેરીકરણને ગતિશિલતા આપવા માટે હાથ ધરાયેલા વિવિધ પ્રકલ્પો અંગે વિસ્તૃતમાં વાત કરતાં કહ્યું હતું કે, ભારતીય રેલવેનું મેટ્રો નેટવર્ક એક હજાર કિલોમીટર સુધી વિસ્તરેલું છે. દિલ્હી, પૂણે, થાણે, અને બેંગ્લુરુ મેટ્રો રેલ નેટવર્ક અને તાજેતરમાં શરૂ થયેલી અમદાવાદ-ભુજ નમો ભારત રેપીડ રેલ સેવા વિકસિત ભારતના શહેરને આકાર આપવામાં મહત્ત્વ પૂર્ણ ભાગ ભજવતી હોવાનું જણાવ્યું હતું. રાષ્ટ્રપતિના અભિભાષણમાં કચ્છ છવાતાં લોકોમાં ખુશીની લાગણી પ્રસરી હતી.**

**----------------------------------------------------------------------------------------**

## સૂર્યકિરણ એરોબેટીક ટીમ દ્વારા ધોરડો ખાતે વિમાની કરતબ

**કચ્છના વિશ્વ પ્રસિદ્ધ એવા ધોરડોના સફેદ રણમાં વિશ્વની સર્વશ્રેષ્ઠ પૈકીની એક એવી સૂર્યકિરણ એરોબેટિક ટીમે દિલધડક વિમાની કરતબ દેખાડી ઉપસ્થિત જનમેદનીને મંત્રમુગ્ધ કરી હતી. બે દિવસીય એર શોના પ્રથમ દિવસે આ કરતબ નિહાળવા મોટી સંખ્યામાં લોબો ઊમટી પડયા હતા, જેમાં છાત્રોની હાજરી ધ્યાન ખેંચનારી રહી હતી. બેંગ્લોરમાં આયોજિત એશિયાના સૌથી મોટા એવા એર શોમાં ભાગ લેવા પૂર્વે કચ્છમાં અદ્ભુત વિમાની કરતબ દેખાડવા આવેલી સૂર્યકિરણની ટીમે એક પછી એક હેરતભર્યા કરતબ દેખાડવાના શરૂ કર્યા, ત્યારે ઉપસ્થિત મેદનીએ ચિચિયારીથી માહોલને જીવંત બનાવ્યો હતો. નવ પાયલોટની ટીમે ભારતીય રાષ્ટ્રધ્વજ, ડી.એન.એ. ક્રોસ, હાર્ટ શેપ જેવા અનેક કરતબ બતાવી સફેદ રણના આકાશને રંગીન બનાવી દીધું હતું.`**

**----------------------------------------------------------------------------------------**

## ક્રિકેટ

ભારતે ચોથી T-20માં ઇંગ્લેન્ડને 15 રનથી હરાવ્યું છે. આ સાથે ટીમે 5 મેચની સિરીઝમાં 3-1ની અજેય લીડ મેળવી લીધી છે. પુણેના MCA સ્ટેડિયમમાં ભારતે 9 વિકેટ ગુમાવ્યા બાદ 181 રન બનાવ્યા. જયારે ઇંગ્લેન્ડની ટીમ 166 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી.

**----------------------------------------------------------------------------------------**